સુરત ના મે. જયુડી..મેજી.ફ.ક. સાહેબશ્રી (રેલ્વે) ની કોર્ટ માં , મુ. સુરત

ફોજદારી કેસ નં.– ૧૭૩૩ / ૨૦૨૬

આંક નંબર :–

ફરીયાદી : શ્રી સરકાર

વિરૂઘ્ધ

આરોપી: શેખ બશીર નાસીર શેખ

ગુનો : રેલવે એકટ કલમ ૧૫૪

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી આંક– ૧ વાળી ફરીયાદ મા જણાવેલ હકીકત મુજબ રેલવે એકટ કલમ ૧૫૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનાનું આંક – ૧ વાળી ફરીયાદ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૨) સદર ગુના માં આરોપી આજ રોજ રજુ કરવા માં આવેલ છે, આરોપી ના ઓ એ તેઓ ની સામે નો આક્ષેપિત ગુનો જે છે તે ગુનો કરેલા નુ તેઓ ને કબુલ છે તેમ જણાવેલ છે. આરોપી ના ઓ એ તે પણ જણાવેલ છે કે આ ગુનો તેઓ સ્વૈચ્છા એ કબુલ કરેલ છે અને તેઓ ને આ ગુનો કબુલ કરવા સારુ કોઈ ના મારફતે દબાણ કરવા માં આવેલ નથી. વધુ માં આરોપી તરફે આ ગુનો કબુલ છે તે જાહેર કરતી પુરસીસ પણ રજુ કરવા માં આવેલ છે. વધુ માં આરોપી તરફે રજુઆત છે કે તેઓ ને ગુનો કબુલ છે, તેઓ ગરીબ વર્ગનાં, કુટુંબ કબીલાવાળા માણસ હોઈ, મજુરી કામ કરી માંડમાંડ તેઓનાં કુટુંબનું ભરણપોષણ કરે છે, જેથી દયા રાખી યોગ્ય હુકમ કરવા અરજ છે.

(૩) આરોપીને ગુનાની શિક્ષાની સમજ આપવામાં આવેલ તેમ છતાં ગુનો સ્વેચ્છાપૂર્વક કબુલ મંજુર હોય, જે કબુલાત ન માનવાને કારણ નથી. આરોપીની કબુલાત પુરશીશ ની હકિકતો તથા આરોપીની અન્ય મૌખિક રજુઆતો ધ્યાને લેતા, આરોપીને સદર ગુના બદલ તકસીરવાન ઠરાવવામાં આવે છે. સજા સંદર્ભે આરોપીની કોર્ટ સમક્ષની રજૂઆતને લક્ષમા લેતા, આરોપી તેઓનો પ્રથમ ગુનો હોવાનુ જણાવતા હોય, આરોપી કુટુંબનો આધાર સ્તંભ હોય, જો લાંબા સમય સુધીની કેદની સજા કરવામા આવે તો કુટુંબના ભરણપોષણનો પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ છે , આરોપીના કથીત કૃત્યની સજા આડકતરી રીતે તેના કુટુંબીજનો ને થનાર હોય, આરોપીએ ગુના સબબ પારાવાર પસ્તાવો પણ વ્યકત કરેલ હોય, ભવિષ્યમા આવા પ્રકારનો ગુનો નહીં બને તેમ જણાવતા હોય, કેસના સંજોગો, ગુનાનો

પ્રકાર અને કરવામા આવેલી રજૂઆતોને લક્ષમા લેતા, તેમજ નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫ (૧) જી.એલ.આર.પાના નં.૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરીચન્દ્ર ઠાકોર ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા , જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. સદરહુ ચુકાદા થી પ્રસ્થાપિત સિધ્ધાંત આરોપી ના કેસની હકીકતો ને લાગુ પડે છે. જેથી ,આરોપીની સ્થિતી અને સંજોગોને ધ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતાં ઓછી સજા કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. તેથી ઓછી સજા કરવી જોઈએ તેમ અત્રે ની અદાલત નમ્ર પણે માને છે.ઉપરોકત ચર્ચા કર્યા મુજબના કારણોસર આરોપીને કાયદામાં ઠરાવેલ શિક્ષા નહીં કરતા હળવી શિક્ષા કરવાથી ન્યાયનો હેતુ જળવાશે તેમ ફલીત થતુ હોય, જેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

(૧) આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૭૫ અન્વેય, ધી રેલ્વે એકટ-૧૯૮૯ ની કલમ -૧૫૪ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી, સબબ આરોપી ના ઓ કોર્ટ ઉઠતા સુધી ની સજા કરવા નો હુકમ કરવા માં આવે છે. તથા રૂપિયા- ૫૦૦ (અંકે રૂપિયા પાંચ સો પુરા ) નો દંડ ભરવા નો હુકમ કરવા માં આવે છે. જો આરોપી દંડ ની રકમ ભરપાઈ ના કરે તો દીન - ૧૦ ની સાદી કેદ ની સજા નો હુકમ કરવા માં આવે છે.

હુકમ આજ રોજ લોક અદાલત માં વાંચી-સંભળાવી જાહેર કર્યો.

તારીખ- ૧૪ / ૦૩ / ૨૦૨૬
સ્થળ- સુરત

( પંકજ રાઠોડ )
જયુડી.મેજી.ફ.ક. સુરત
**કોડ નંબર- જીજે ૦ ૧૪૬૮**